અપીલ અરજી નં.૨૭૧ તા.૩૦–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સંજય આર. મિશ્રા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય આર. મિશ્રાની તા.૨૨–૧૦–૧૦ ની અરજીથી (૧) પ્લોટ નં.૫૪ અપેક્ષાનગર જે રોડની માર્જીનની જગ્યામાં પાડેલ છે તે પ્લોટમાં ચાલી રહેલ બાંધકામની પરમીશન મનપા ધ્વારા આપેલ છે કે કેમ? (૨) મનપા ના રેકર્ડમાં આ પ્લોટ માલિકીનું નામ શું છે? જમીન માલીકથી આજ સુધીના માલિકીનું નામ આપવા બાબત. વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩૦–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૭૧/૨૦૧૦–૧૧

શ્રી સંજય આર. મિશ્રાની તા.૨૨–૧૦–૧૦ ની અરજીથી (૧) પ્લોટ નં.૫૪ અપેક્ષાનગર જે રોડની માર્જીનની જગ્યામાં પાડેલ છે તે પ્લોટમાં ચાલી રહેલ બાંધકામની પરમીશન મનપા ધ્વારા આપેલ છે કે કેમ? (૨) મનપા ના રેકર્ડમાં આ પ્લોટ માલિકીનું નામ શું છે? જમીન માલીકથી આજ સુધીના માલિકીનું નામ આપવા બાબત. વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન /અકણ આરટીઆઈ/૩૫૩ તા.૨–૧૧–૧૦ થી આપેલ માહિતી અધુરી, અસ્પષ્ટ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૧૨ તા.૨–૧૨–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અધુરી અને અસ્પષ્ટ માહિતી અંગે મુદ્દાવાર સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક./૫૯૩ તા.૩૦–૧૧–૧૦ થી અરજદારને આપેલ માહિતીની નકલ મળેલ છે.

અરજદારની તા.૨૨–૧૦–૧૦ ની અરજીથી (૧) પ્લોટ નં.૫૪ અપેક્ષાનગર જે રોડની માર્જીનની જગ્યામાં પાડેલ છે તે પ્લોટમાં ચાલી રહેલ બાંધકામની પરમીશન મનપા ધ્વારા આપેલ છે કે કેમ? (૨) મનપા ના રેકર્ડમાં આ પ્લોટ માલિકીનું નામ શું છે? જમીન માલિકથી આજ સુધીના માલિકીનું નામ આપવા બાબત.(૩) મનપા ધ્વારા આપેલ પરમીશનમાં બાંધકામનું સાઈઝ કેટલું છે. (૫) આ જગ્યા બાબતે મહાનગરપાલિકાના રેકોર્ડે વ્યકિતની બીજી જગ્યા રહેઠાણ માટે સ્થળ આવેલો છે કે નથી? સ્થળ પર ચાલતાં બાંધકામ ના માલિક કોણ છે. બાંધકામની બાજુમાં રોડ કેટલા ફુટનો છે. જે મનપાના નકશામાં છે તે સ્થળ પર બરાબર છે કે કેમ? (૬) સ્થળ પર ચાલતાં બાંધકામના વિરુધ્ધ તા.૨૦–૧૦–૧૦ ના રોજ શિવ પ્રસાદ રાજકિશોર પાંડેય નામના વ્યકિત ધ્વારા થયેલ અરજીના ઉપર શું કાર્યવાહી કરવામાં આવે છે તે જણાવશો. (૭) સ્થળ પર ચાલતાં બાંધકામની પરમીશન જો મનપા ધ્વારા ના આપેલ હોય તો આવેલ બાંધકામ દુર કરવા બાબતે કાર્યવાહી શું થાય કેટલા દિવસોમાં તેના બાબતની જાણકારી આપવા વિનંતી. સ્થળ પર ચાલતાં બાંધકામ કયા અધિકારીના કાર્યક્ષેત્રમાં આવે છે તેવું જણાવતા મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/આ.નં.૩૫૩ તા.૨–૧૧–૧૦ થી " પ્લોટ નં.૫૪ અપેક્ષાનગર સોસા. બમરોલી ઉધનાઝોનના આકારણી દફતરે જમીન માલિક શ્રી બાલુભાઈ કાનજીભાઈ પટેલ વગેરેના માલિક તરીકે દાખલ છે. " તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે નિયમ સમય મર્યાદામાં અધૂરી , અસ્પષ્ટ માહિતી આપેલ છે જે માહિતીનો ઈન્કાર કરેલ છે તેવું જણાવી તા.૩૦–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ ની માહિતી આપેલ છે. જયારે પત્ર નં.સા.ઝોન/ટેક./૫૯૩ તા.૩૦–૧૧–૧૦ થી " સંદર્ભ હેઠળની અરજી જણાવેલ પ્રશ્નવાળી મિલ્કત માટે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ઉધનાઝોન ખાતેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. સદર મિલ્કતને અડીને ૪૫ મી. પહોળાઈનો ટીપી નકશા મુજબ રોડ છે. સદર મિલ્કત સબઝોન –૩ ના આસી. ઈજનેર તથા ડે.ઈજનેરશ્રીના કાર્યક્ષેત્રમાં આવ છે. માંગેલઅન્ય માહિતી રેકર્ડમાં ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ ની માહિતીમાં પરમીશન મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ નથી. તથા મુદ્દા નં.૨ માં મહાનગરપાલિકા ઉપરના સદર પ્લોટના માલિકના નામ શ્રી બાલુભાઈ કાનજીભાઈ પટેલના નામે આકારણી દફતરે દાખલછે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૩ પરમીશન આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. તેથી સાઈઝનો પ્રશ્ન રહેતો નથી. મુદ્દા નં.૫ સદર મિલકતને અડીને ૪૫ મી. ની પહોળાઈનો ટીપી નકશા મુજબનો રોડ છે તેવું જણાવેલ છે. જયારે માહિતી અંગે દફતરી હકીકત મુદ્દા ન.૨ માં જણાવેલ છે. મુદ્દા નં.૬ અન્ય માહિતી રેકર્ડ ઉપર નથી તેવું જણાવેલ છે. પરંતુ અરજદારે તા.૨૦–૧૦–૧૦ ના રોજ શિવ પ્રસાદ કિશોર પાંડેની સ્થળ ઉપર ચાંલતા બાંધકામ અંગેની અરજીની માહિતી પૂરી પાડેલ નથી. અરજદારે આપેલ અરજી જો દફતરે હોય તો તેની વિગત આપવાની રહે. મુદ્દા નં.૭ સદર મિલ્કત સબઝોન–૩ ના આસી. ઈજનેર તથા ડે.ઈજનેરશ્રીના કાર્યક્ષેત્રમાં આવે છે તેવું જણાવેલ છે. આમ અરજદારને બાંધકામની માહિતી પણ પત્ર નં.સા.ઝોન/૫૯૩ તા.૩૦–૧૧–૧૦ ના રોજ સમય મર્યાદા બાદ પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૭ માં જાહેર માહિતી અધિકારીએ પરમીશન આપેલ નથી તો તે બાબતે બાંધકામ દુર કરવા શું કાર્યવાહી થાય તેની માહિતી પૂરી પાડેલ જણાતી નથી. આમ જાહેર માહિતી અધિકારીએ અંશતઃ મુદ્દા નં.૬ અને ૭ માં ફરીયાદની હકીકતમાં જણાવેલ માહિતી પૂરી પાડેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૨–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી ઉપરોકત ફરીયાદની હકીકતમાં જણાવેલ અંશતં મુદ્દા નં.૬ અને ૭ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ મુદ્દા નં.૬ અંગે જો આવી અરજી આવેલ હોય તો તેના ઉપરની કાર્યવાહીની વિગત તથા મુદ્દા નં.૭ અંગે દફતરી હકીકતલક્ષી કાર્યવાહીની વિગત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી સંજય આર. મિશ્રા ,